પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૭૨ • કુલ પાના : ૪ • તારીખ : ૧૫-૦૩-૨૦૨૩ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મંદિરના વહીવટદારો સાથે સરકારની બેઠક બાદ નિર્ણય

## વિરોધ છતાં સરકારની જીદ ચાલુ : ભક્તોને પ્રિય મોહનથાળનો પ્રસાદ અને સરકારને પ્રિય ચીકીનો વેપાર ચાલુ રહેશે

અંબાજી,

શક્તિપીઠ અંબાજીમાં ચાર માર્ચથી મોહનથાળ બંધ કરી ચીકી આપવાની શરૂઆત થતા જ શ્રદ્ધાળુઓ, સાધુ-સંતો, મંદિરના ભટ્ટજી, દાંતાના મહારાજથી લઈ વિપક્ષ કોંગ્રેસ પણ આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. આ વિવાદ વચ્ચે ગાંધીનગર ખાતે અંબાજી મંદિરના વહીવટદારોને બોલાવીને સરકાર દ્વારા બેઠક કરવામાં આવી હતી. બેઠક બાદ સરકારે ચીકીને પ્રસાદમાં ઘૂસાડી દીધી છે. ભક્તોને પ્રસાદમાં પ્રિય મોહનથાળ છે. છતાં સરકારે બંનેને પ્રસાદ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહીં મોહનથાળની ક્વોલિટી સુધારવામાં આવશે તેવું બેઠક બાદ નક્કી કરાયું છે.મા અંબાના ભક્તો તો ત્યાં સુધી કહે છે કે, જેલમાં પૂરી દો




પણ અમારે ચીકી નહીં જોઈએ. જો કે આમ છતાં સરકાર પોતાના નિર્ણય પર અડગ છે અને આસ્થાને બદલે ચીકીના ફાયદા ગણાવવામાં વ્યસ્ત છે.

સરકારના પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે તો ચીકીની પેરવી કરતા કહ્યું કે, અંબાજી ખાતે શ્રદ્ધાળુની લાગણીને ધ્યાને રાખીને પૌષ્ટિક-સ્વાસ્થ્યપ્રદ ચિક્કીનો પ્રસાદ અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા તા. ૦૧/૦૩/૨૦૨૩થી શરૂ કરવામાં આવ્યો છે અને મોહનથાળ બંધ કરવામાં આવ્યો છે. વિશ્વભરમાંથી શ્રદ્ધાળુઓ અંબાજી ખાતે 'માં અંબા'ના દર્શનાર્થે આવતા હોય છે. જેઓ પોતાના વતનમાં 'મા અંબા'નો પ્રસાદ લઈ જવા ઈચ્છતા હોય છે. આ પ્રસાદ સૂકો અને વધુ સમય સુધી રહે તેવી માગણી શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવતી હોય છે. તો બીજી તરફ શ્રદ્ધાળુઓ મોહનથાળનો પ્રસાદ રાખવા જ અડગ છે.લાખોની લોકોની શ્રદ્ધાની પરવા કર્યા વિના જ મોહનથાળને બદલે ચીકી શરૂ કરવાનો નિર્ણય તો થઈ ચૂક્યો છે અને વિરોધીઓને વિરોધ બંધ કરવા માટે દબાણ પણ કરવામાં આવી રહ્યું છે. માત્ર એટલું જ નહીં, આ મામલો હવે હાઈકોર્ટમાં પણ પહોંચવાની તૈયારીમાં છે. તાજેતરમાં જ અંબાજી મંદિરના પૂર્વ ટ્રસ્ટી અને દાંતા રાજવી પરિવારના પરમવીરસિંહે જણાવ્યું હતુ કે, આ મામલે સરકાર જો યોગ્ય નિર્ણય નહીં લે તો તેઓ હાઈકોર્ટ પણ જવા તૈયાર છે અને અંબાજી મંદિર સુધી વિશાળ રેલીનું પણ પણ આયોજન કરવામાં આવશે.રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે મોહનથાળના પ્રસાદને યથાવત રાખવાની જાહેરાત કરી હતી. ઋષિકેષ પટેલે કહ્યું કે, કેટલાક ભક્તોની ફરિયાદ હતી કે મોહનથાળમાં ફૂગ આવતી હતી, તે લાંબો સમય રહેતો નથી. પરંતુ ભક્તોના વિરોધ બાદ હવે મોહનથાળનો પારંપરિક પ્રસાદ ચાલુ જ રહેશે. મોહનથાળની ક્વોલિટીમાં સુધારો કરવામા આવશે. તેની સાથે જ વધારામાં સુખડીનો પ્રસાદ પણ ઉમેરાશે.

મંદિરના મુખ્ય ભટ્ટજીએ કહ્યું કે, અંબાજી મંદિરમાં મોહનથાળનો પારંપરિક પ્રસાદ ચાલુ રહેશે. માવા અને સિંગની સુખડી પણ ચાલુ રહેશે. પ્રસાદ તાત્કાલિક શરૂ કરવામાં આવશે. મોહનથાળ પ્રસાદ બંધ કરવાના નિર્ણય અંગે અમને ધ્યાન નથી. તો મંત્રી ઋષિકેષ પટેલે કહ્યું કે, આસ્થા એ વિશ્વાસ સાથે જોડાયેલો વિષય છે. મોહનથાળ ૩૫ -૩૭ વર્ષની મંદિરની પ્રસાદ વ્યવસ્થાનો ભાગ હતો. મોહનથાળની ગુણવત્તા અંગે જે સૂચનો અને ફરિયાદ મળી એ બાદ ફેરફાર કરાયો હતો. હવે ગુણવત્તા મામલે જે સૂચનો મળ્યા છે એ મુજબ યોગ્ય ગુણવત્તા જળવાય એ મુજબ કરીશું.

ચીકીના ફાયદા ગણાવવામાં વ્યસ્ત અને આસ્થાને અવગણી રહેલી સરકારે આ વિરોધને ડામવાની પણ તૈયારીઓ કરી લીધી છે. વિવિધ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શન અને ધરણાં કરવામાં આવી રહ્યા છે. ત્યારે હવે અંબાજી મંદિરના ગેટ નંબર ૭ પર જાહેરનામુ લગાવવામાં આવ્યું છે. જેમા કડક સૂચનોનુ પાલન કરવાનુ થશે. અંબાજી મંદિરના સાત નંબરના ગેટ પર લગાવેલા જાહેરનામામાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, ૧૦ માર્ચથી ૨૪ માર્ચ સુધી કોઈપણ જાતની પૂર્વ મંજૂરી વિના ઉપવાસ, ધરણાં, રેલી યોજી શકાશે નહીં.

મોહનથાળનું નાનું પેકેટ રૂ. ૧૮માં મળે છે. અંબાજીમાં આશરે રૂ. વીસ કરોડનો મોહનથાળનો પ્રસાદ વેચાય છે. હવે ત્યાં ચીકી વેચવાનું શરૂ થયું છે. એક ચીકીનું પેકેટ રૂ. ૨૫માં વેચાય છે. એક પેકેટમાં ચાર ચીકી હોય છે, જેનું બજાર મૂલ્ય રૂ. સાત-આઠ છે. ચીકીથી કમાણી વધુ થાય છે અને મોહનથાળનો પ્રસાદ હોય તો આ કમાણી વધી ના શકે.ઋષિકેશ પટેલના નિવેદનથી વિશ્વ હિન્દુ પરિષદ છંછેડાયું છે. અંબાજીમાં વિહિપના કાર્યકરોએ પ્રતીક આંદોલન કર્યુ હતું. પરિષદના ગુજરાત પ્રમુખ અશોક રાવલે કહ્યું કે, જૂના મંત્રીઓને કાઢીને નવા મંત્રીઓ આવ્યા છે અને તેઓ એમ સમજે છે કે અમે સુપર પાવર છીએ. આજે તેઓ મનફાવે તેમ બોલે છે. તેઓની ચૂંટણી જીતવાની હેસિયત નથી. ચૂંટણી માંડ માંડ જીત્યા છે. નરેન્દ્ર મોદીના નામે જ સત્તા છે. સામાન્ય જનતાની લાગણી અંગે વિચાર કરવો જોઈએ. નહીં તો સરકારનું ધનોતપનોત નીકળી જશે. પ્રજાને દબડાવીને મનફાવે તેમ કરશો તો સત્તા જતી રહેશે.

### બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

## કેન્દ્રો પર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી મોં મીઠા કરાવી સ્વાગત કરવામાં આવ્યું

અમદાવાદ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે અમદાવાદ સહિત રાજયભરમાં ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થયો હતો. તેની સાથે જ રાજયભરમાં પરીક્ષા ફીવર છવાઈ જવા પામેલ છે. પરીક્ષાના પ્રથમ દિવસે તમામ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી ગુલાબના ફુલ આપી શુભેચ્છા આપવામાં આવી હતી.આજે બોર્ડ પરીક્ષાનો પહેલો દિવસ હોવાથી વિદ્યાર્થીઓનો તણાવ અને ગભરાટ દુર કરવા માટે સ્કૂલોમાં તેમનુ ગુલાબ, ચોકલેટ આપીને તથા કેટલીક જગ્યાએ ગોળ ધાણા ખવડાવીને સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ઘણી સ્કૂલોએ પ્રવેશ દ્વારા પર ફૂલોનુ ડેકોરેશન પણ કર્યુ હતુ.



પરીક્ષા શરૂ થતાની સાથે જ આજે સવારે પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓ અને વાલીઓના ટોળા જોવા મળ્યા હતા. પરીક્ષા શરૂ થયા બાદ પણ આકરા તાપમાં મોટાભાગના વાલીઓ પરીક્ષા કેન્દ્રની બહાર પેપર પુરૂ થાય તેની રાહ જોતા નજરે પડ્યા હતા.જયારે વાલીઓ પોતાના વિદ્યાર્થીઓને શાંતિપૂર્ણ અને ગભરાયા વિના પેપર લખવાની સુચના આપતા નજરે પડી રહ્યાં હતાં જો કે ધો.૧૦ અને ધો.૧૨ના પ્રથમ દિવસની પરીક્ષાના પેપર સહેલા હોવાથી વાલીઓ અને વિદ્યાર્થીઓ ખુશ નજરે પડયા હતાં અને આશા વ્યકત કરી હતી કે આગામી પેપરો પણ સહેલા પુછવામાં આવશે.

રાજકોટ જિલ્લાના ૮૩૬૫૦ સહિત રાજયના ૮૩૬૫૦ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ચાર લાખથી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. પરીક્ષાના આજે પ્રથમ દિવસે સવારના સેશનમાં ધો.૧૦માં ગુજરાતી-હિન્દી-અંગ્રેજી પ્રથમ ભાષાના અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સહકાર પંચાયત વિષયના પ્રથમ પેપર હતું જયારે બપોરના સેશનમાં ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં એકાઉન્ટ તેમજ વિજ્ઞાન પ્રવાહમાં ફીઝીકસ વિષયના પેપર લેવામાં આવ્યું છે. ભાવનગર જિલ્લામાં ધો.૧૦ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહમાં કુલ મળીને ૬૯,૬૭૯ વિદ્યાર્થીઓ નોંધાયા છે. અને તેઓની બોર્ડની કસોટી શરૂ થયેલ છે.અમરેલી જિલ્લામાં કુલ ૩૫,૬૯૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. આ અંગેની વિગતો આપતા જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં ધો.૧૦ માટે અમરેલી અને સાવરકુંડલા એમ બે ઝોન પાડવામાં આવ્યા છે. ધો.૧૨ માટે સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ એમ બે ઝોન પાડવામાં આવ્યા છે. જિલ્લામાં સુચારૂરૂપથી આ પરીક્ષાનો પ્રારંભ થવા પામેલ છે.

જયારે જૂનાગઢમાં ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં ૨૫૭૭૯ વિદ્યાર્થીઓ, ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૫૮૦૪ અને વિજ્ઞાન પ્રવાહમાં ૩૦૪૫ વિદ્યાર્થી કુલ ૪૪૬૮ નોંધાયા છે. જુનાગઢ જિલ્લામાં બોર્ડની પરીક્ષા માટે ૩૨ કેન્દ્રો ઉપર પરીક્ષા માટે ૩૨ કેન્દ્રો ઉપર પરીક્ષા પ્રારંભ થયેલ છે. ૧૫૭ બિલ્ડીંગો ઉપર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.વડોદરા શહેર અને જિલ્લામાં ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો આજથી પ્રારંભ થઈ ગયો છે. વડોદરા શહેર અને જિલ્લામાં ૭૭૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા આપી રહ્યા છે.

### ભાજપ કમલનાથનો ગઢ છિંદવાડાને છીનવવાની તૈયારીમાં

## ગત લોકસભા ચુંટણીમાં ભાજપે રાજયની ૨૯માંથી ૨૮ બેઠકો પર જીત હાંસલ કરી હતી

ભોપાલ,

મધ્યપ્રદેશમાં ભાજપ સત્તામાં છે પરંતુ તેના માટે કોંગ્રેસના પ્રદેશાધ્યક્ષ કમલનાથનો ગઢ છિંદવાડા હજુ પણ પડકાર બનેલ છે.આથી પાર્ટી હવે કમલનાથને છિંદવાડામાં જ નબળા પાડવાનો પ્રયાસમાં લાગી છે પાર્ટીની રણનીતિ અનુસાર હવે આ વિસ્તારના કાર્યકર્તાઓમાં જોશ ભરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવી રહ્યાં છે.





ગત લોકસભા ચુંટણીમાં ભાજપને રાજયની ૨૯માંથી ૨૮ બેઠકો પર જીત હાંસલ કરી હતી પરંતુ છિંદવાડા એક એવો સંસદીય વિસ્તાર છે જયાં ભાજપ જીત હાંસલ કરી શકી ન હતી.ભાજપને એ વાત સતત પરેશાન કરતી રહે છે આખરે તે છિંદવાડામાં એંસીના દાયકા બાદ ફકત એક પ્રસંગને છોડી સતત હારતી રહી છે.છિંદવાડા અને તેની આસપાસનો વિસ્તાર આદિવાસી બહુમતિવાળો છે અને અહીં કોંગ્રેસ ખુબ જ મજબુત છે આ વાત ભાજપ જાણે છે આજ કારણ છે કે ગત ચુંટણીમાં પણ ભાજપ છિંદવાડા સંસદીય વિસ્તારની સાત વિધાનસભા બેઠકોમાંથી એક પણ સ્થાન પર જીત હાંસલ કરી નહીં ભાજપને વર્ષ ૨૦૧૮ની વિધાનસભા ચુંટણીમાં સત્તાથી બહાર થવું પડયું પરંતુ જયારે કોંગ્રેસમાં તુટ થઈ અને ભાજપની સત્તામાં પાછી ફરી તો તેણે તમામ પ્રયાસ છિંદવાડા સંસદીય વિસ્તારમાં પોતાની તાકાત વધારવામાં લાગી ગઈ

છિંદવાડા જીલ્લાના પ્રભારી મંત્રી કમલ પટેલની સતત સક્રિયતા આ વિસ્તારમાં બનેલ છેજયારે ભાજપ રાષ્ટ્રીય નેતૃત્વનું પણ ધ્યાન આ વિસ્તાર પર છે કુલ મળી ભાજપનો પ્રયાસ છે કે આગામી વિધાનસભા ચુંટણી અને ત્યારબાદ લોકસભા ચુંટણીમાં તે પોતાની શક્તિને આ વિસ્તારમાં વધારવામાં સફળ થાય.આ જ ક્રમમાં પાર્ટીના મુખ્ય નેતાઓમાં સામેલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૨૫ માર્ચે છિંદવાડા આવી રહ્યાં છે તે અહીં કાર્યકર્તાઓની બેઠક લેશે અને રેલીમાં પણ સામેલ થનાર છે.કુલ મળી ભાજપ કમલનાથને તેમના જ ગઢ છિંદવાડામાં નબળા કરવાના અભિયાનમાં લાગી ગઈ છે.

## ઉત્તર કોરિયાનું સબમરીનમાંથી ક્રૂઝ મિસાઈલનું પરીક્ષણ

ક્યોંગફો,

ઉત્તર કોરિયાએ સબમરીનમાંથી બે ક્રૂઝ મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. આ ક્રૂઝ મિસાઈલે ૧૫૦૦ કિલોમીટરનું અંતર કાપીને નિશાન ભેદી બતાવ્યું હતું. કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીએ કિમ જોંગને ટાંકીને આ અંગેનો અહેવાલ આપ્યો હતો.

ઉત્તર કોરિયાએ અંડર વોટર ક્રૂઝ મિસાઈલ લોન્ચિંગ હાથ ધર્યું હતું. પૂર્વી સાગરમાં ક્યોંગફો ખાડીના પાણીમાં સબમરીનમાંથી બે ક્રૂઝ મિસાઈલ છોડવામાં આવી હતી. જેણે ૧૫૦૦ કિલોમીટરનું અંતર કાપીને નિશાન સાધી બતાવ્યું હતું. કિંમ જોંગને ટાંકીને કહેવાયું હતું કે આ પરીક્ષણથી એ સાબિત થાય છે કે ઉત્તર કોરિયા હવે સબમરીનમાંથી પણ પરમાણું હુમલો કરવા સજ્જ છે. જાપાન અને દક્ષિણ કોરિયા સ્થિત અમેરિકન લશ્કરી મથકો સુધી પહોંચવાની ક્ષમતા ઉત્તર કોરિયા ધરાવે છે.

આ અંગે દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફે જણાવ્યું હતું કે આવું પરીક્ષણ થયાનું નોંધાયું છે. અમેરિકા અને દક્ષિણ કોરિયાના લશ્કરી અધિકારીઓએ તેનું વિશ્લેષણ શરૃ કર્યું છે. ઉત્તર કોરિયાએ આ પરીક્ષણો કરીને અમેરિકાને ધમકી આપવાનું શરૃ કર્યું છે. અમેરિકન લશ્કર અને દક્ષિણ કોરિયાના લશ્કર વચ્ચે ૨૮મી માર્ચ સુધી લશ્કરી કવાયત ચાલશે. એ દરમિયાન ઉત્તર કોરિયાએ જવાબ આપવા માટે આ ક્રૂઝ મિસાઈલનું પરીક્ષણ કર્યું હોવાની શક્યતા વ્યક્ત થઈ હતી.

## CBIએ ઓપરેશન 'ત્રિશૂલ' અંતર્ગત વિદેશમાં ભાગેલા ૩૩ ભાગેડૂને ભારત પાછા લાવ્યા

નવીદિલ્હી,

સીબીઆઈએ ઈંટરપોલની મદદથી એક વર્ષની અંદર જ ૩૩ ભાગેડૂને સમર્પણ કરાવવામાં મદદ મળી છે. તેના માટે એક વિશેષ ઓપરેશન ચલાવવમાં આવ્યું અને તેનું કોડનેમ ત્રિશૂલ રાખવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, દેશમાંથી ભાગેલા અપરાધિઓની શોધ કરવા અને તેમને પકડીને પાછા લાવવા તથા કાનૂની કાર્યવાહી કરવી તેનો મુખ્ય ઉદ્દેશ્ય રહ્યો છે. ઓપરેશન ત્રિશૂલ અંતર્ગત ૨૦૨૨માં ૨૭ ભાગેડૂને પાછા લાવ્યા જ્યારે ૨૦૨૩ના ત્રણ મહિનામાં ૬ અન્ય આરોપીઓની ધરપકડ થઈ ચુકી છે. હકીકતમાં ગત વર્ષે ઈંટરોપલના સંમેલનમાં પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહે આવા ઓપરેશનની જરુરિયાત પર ભાર આપ્યો હતો.

સૂત્રોએ કહ્યું કે, આ ઓપરેશન અંતર્ગત પ્રત્યર્પણના ક્રમમાં સૌથી મોટુ નામ મોહમ્મદ હનીફા મક્કતનું છે. જેને કેરલ પોલીસ દ્વારા અપહરણ અને હત્યાના એક સનસનીખેજ મામલામાં સંડોવાયેલ હતો ટીઓઆઈના સૂત્રોએ પુષ્ટિ કરી છે કે, તેને રવિવારે સઉદી અરબમાંથી પકડી પાડવામાં આવ્યો છે. મક્કત વિરુદ્ધ એક રેડ નોટિસ હતી અને તે ૨૦૦૬માં એક વ્યક્તિની હત્યા માટે કોઝિકોડમાં પોલીસ દ્વારા ભાગેડૂ હતો. તે કથિત રીતે હત્યા બાદ વિદેશ ભાગી ગયો હતો અને ૧૭ વર્ષ બાદ કાનૂનના હાથમાં આવ્યો છે.

સીબીઆઈએ ગત એક વર્ષમાં ઈંટરપોલની સાથે સમન્વય કર્યું છે. આ એક વિશેષ ઓપરેશનનો ભાગ છે. જેનો કોડનેમ ત્રિશૂલ છે. જેનો ઉદ્દેશ્ય દેશમાંથી ભાગેલ ગુનેગારોને પકડીને ભારત લાવવાનો છે. ત્રિશૂલ અંતર્ગત ૨૦૨૨માં ૨૭ શંકાસ્પદોએ આત્મસમર્પણ કર્યું છે. આ વર્ષે દર મહિને સરેરાશ બે શંકાસ્પદોએ આત્મસમર્પણ કર્યા છે, પહેલા ક્વાર્ટરમાં આ સંખ્યા છના આંકડાને અડી ગઈ છે.

## રાજ્યમાં એચ-૩એન-૨ વાયરસથી પ્રથમ મોત, વડોદરાની ૫૮ વર્ષીય પ્રૌઢાનું સારવાર દરમિયાન મોત

વડોદરા,

દેશમાં કોરોના બાદ હવે એચ૧એન૧થી મ્યુટેટ થયેલા એચ-૩એન-૨ વાયરસે હાહાકાર મચાવ્યો છે. રાજ્યમાં હાલ એચ૧એન૧ના ૭૭ જેટલા કેસ છે. જયારે એચ-૩એન-૨ના ૩ જેટલા કેસ છે. જેમા એચ-૩એન-૨ વાયરસથી રાજ્યમાં પ્રથમ મોત થયુ હોવાનુ સામે આવ્યુ છે. વડોદરાની પ્રૌઢા નવા વાયરસના ચેપનો ભોગ બની હતી. શહેરના ફતેગંજ વિસ્તારના ૫૮ વર્ષિય મહિલાનું એચ-૩એન-૨ને કારણે સારવાર દરમિયાન મોત નીપજ્યુ છે. મહિલાની એસએસજી હોસ્પિટલમાં મહિલાની સારવાર ચાલતી હતી. મહિલા હાઈપર ટેન્શનના દર્દી હતા અને વેન્ટિલેટર પર હતા.એચ૧એન૧થી મ્યુટેટ થયેલા H3N2 વાયરસથી દેશમાં આ ત્રીજુ મોત છે.

અમદાવાદમાં પણ ચિંતાજનક રીતે એચ-૩એન-૨ વાયરસના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સામાન્ય લક્ષણોના દર્દીઓ વધુ નોંધાઈ રહ્યા છે. તથા વૃદ્ધો અને બાળકોમાં વધુ કેસો જોવા મળી રહ્યા છે. ૐ૩ન્૨ વાયરસના કેસમાં ખાંસી અને કફ લાંબા સમય સુધી રહે છે અને હાઈગ્રીડ ફીવર તેમજ ન્યુમોનિયા થવાની પણ શક્યતા જોવાઈ રહી છે. મહત્વપૂર્ણ છે કે આઈએમએની ગાઈડલાઈન મુજબ આ વાયરસમાં એન્ટિબાયોટિકની જરૂરિયાત હોતી નથી. છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાત સહિત અનેક જગ્યાએ વાતાવરણમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. ડબલ ઋતુના કારણે પણ રોગચાળાનું પ્રમાણ વધ્યું છે. ત્યારે ભલે એચ-૩એન-૨ વાયરસ જીવલેણ ન હોય તેમ છતા તેનાથી સાવચેતી રાખવાની સલાહ તબીબો આપી રહ્યા છે. વળી આ એક વાયરસ હોવા છતા કોરોનાની જેમ તેની કોઈ ઘાતક લહેર નહીં આવે.

આ તરફ હાલ રાજ્યમાં કોરોનાએ પણ ફરી માથુ ઉંચક્યુ છે. રાજ્યમાં કોરોના કેસમાં વધારો થયો છે. ગઈકાલે ૪૫ નવા કેસ નોંધાયા હતા. હાલ રાજ્યમાં કોરોનાના એક્ટિવ કેસ છે. જેમા બે દિવસ પહેલા સુરતના ડીંડોલી વિસ્તારમાં એચ-૩એન-૨ના લક્ષણો બાદ ૩૧ વર્ષિય મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. શરદી, ખાંસી અને કફની તકલીફ બાદ મહિલાનું મોત થયુ હતુ.

## કોરોનાકાળમાં કેન્દ્રીય કર્મચારીઓનું રોકાયેલ ડીએ નહીં મળે

નવીદિલ્હી,

કોરોના મહામારી દરમિયાન રોકવામાં આવેલ કેન્દ્રીય કર્મચારીઓનું અઢાર મહિનાના મોંઘવારી ભથ્થા અથવા ડીએ નહીં આપવામાં આવે. લોકસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં સરકારે આ જાણકારી આપી છે. તેનાથી સરકારને ૩૪,૪૦૨.૩૨ કરોડ રૂપિયા બચશે. જેનો ઉપયોગ મહામારીથી ઉબરવામાં કર્યો છે.

હકીકતમાં જોઈએ તો, કોરોના કાળમાં કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકોના મોંઘવારી ભથ્થા અને મોંઘવારીની રાહતના ત્રણ હપ્તા નથી આપ્યા. જાન્યુઆરી ૨૦૨૦, જૂલાઈ ૨૦૨૦ અને જાન્યુઆરી ૨૦૨૧નું મોંઘવારી ભથ્થા અને મોંઘવાર રાહત નથી આપી. સરકારે સ્પષ્ટીકરણ આપતા કહ્યું કે, હાલના સમયમાં બજેટ ખોટ હ્વઈમ્સ છર્ષ્ઠની જોગવાઈની સરખામણીમાં બેગણી છે, એટલા માટે આ ડીએ આપવાનો પ્રસ્તાવ નથી.

સરકારનું કહેવું છે કે, કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકોના મોંઘવારી ભથ્થાના ત્રણ હપ્તા રોકવાનો નિર્ણય ૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ કોરોનાકાળ દરમિયાન લેવામાં આવ્યો હતો. જેથી સરકારી નાણાકીય બોજ વધવા લાગ્યો. હાલમાં પણ સરકારની રાજકોષિક ખોટ ડબલથી વધારે સ્તર પર ચાલી રહી છે. હાલમાં સરકારને રાજકોષિય ખોટથી ઉબરવા માટે અમુક સમય લાગી શકે છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં ચૂક : પંજાબ સરકારની કાર્યવાહી, ૮ IPS અને ૧ IAS અધિકારી સામે કાર્યવાહી થશે !

નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં ક્ષતિના કિસ્સામાં પંજાબ સરકાર એક્શનમાં આવી છે અને કાર્યવાહી માટે મુખ્ય સચિવ વી.કે. જંજુઆ વતી ૯ અધિકારીઓ સામે ચાર્જશીટ કરવા માટે મુખ્યમંત્રી ભગવંત માનને ફાઈલ મોકલવામાં આવી છે. જણાવી દઈએ કે પીએમ મોદી જ્યારે ૫ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ પંજાબના પ્રવાસે ગયા હતા ત્યારે ભટિંડા એરપોર્ટથી હુસૈનીવાલા જતી વખતે તેમનો કાફલો અડધો કલાક ફ્લાયઓવર પર અટવાઈ ગયો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં બેદરકારી દાખવવા બદલ પંજાબ સરકાર એક આઈએએસ અધિકારી અને ૮ આઈપીએસ અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે. તત્કાલિન મુખ્ય સચિવ અનિરુદ્ધ તિવારી ઉપરાંત ડીઆઈજી સિદ્ધાર્થ ચટ્ટોપાધ્યાય, એસએસપી હરમનદીપ સિંહ હંસ, એસએસપી ચરણજીત સિંહ, એડીજીપી નાગેશ્વર રાવ, એડીજી નરેશ અરોરા, આઈજી રાકેશ અગ્રવાલ, આઈજી ઈન્દરવીર સિંહ અને ડીઆઈજી સુરજીત સિંહના નામ સામેલ છે.

આપને જણાવી દઈએ કે તાજેતરમાં કેન્દ્ર સરકારે પંજાબ સરકારને પત્ર લખીને પીએમ મોદી સુરક્ષા ભંગના મામલામાં કાર્યવાહીનો અહેવાલ માંગ્યો હતો. કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ પંજાબના મુખ્ય સચિવ વિજય કુમાર જંજુઆને પત્ર લખીને દોષિત અધિકારીઓ સામે અત્યાર સુધી કરવામાં આવેલી કાર્યવાહીનો વિગતવાર અહેવાલ માંગ્યો હતો. પત્રમાં કાર્યવાહીમાં વિલંબનો ઉલ્લેખ કરીને, કાર્યવાહીનો અહેવાલ રજૂ કરવા કહેવામાં આવ્યું હતું, ત્યારબાદ પંજાબ સરકાર હવે એક્શનમાં આવી ગઈ છે.

## શીતલ મ્હાત્રે વિડિયો પ્રકરણ : ઉદ્ધવ ઠાકરે જૂથના ચાર અને કોંગ્રેસના એક કાર્યકરની ધરપકડ

મુંબઈ,

મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સેનાનાં પ્રવક્તા અને ભૂતપૂર્વ નગરસેવિકા અને વિધાનસભ્ય પ્રકાશ સુર્વેના વાંધાજનક વિડિયો મામલામાં પોલીસે ગઈ કાલે વધુ ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. આથી આરોપીઓની સંખ્યા પાંચ થઈ છે, જેમને કોર્ટે ૧૫ માર્ચ સુધીની પોલીસ કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો. પાંચ આરોપીમાંથી ચાર ઉદ્ધવ ઠાકરે જૂથના તો એક કૉન્ગ્રેસના કાર્યકર હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલો ગઈ કાલે રાજ્યની વિધાનસભામાં પણ ગાજ્યો હતો. વિરોધી પક્ષના નેતા અજિત પવારે પણ વિધાનસભામાં આ પ્રકરણમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જવાનું કહ્યું હતું. આ મામલાને ગંભીરતાથી લઈને સરકારે એની તપાસ કરવા એસઆઈટી ગઠિત કરવાનો નિર્ણય લીધો છે.

શિવસેનાના એકનાથ શિંદે જૂથના માગાઠાણેના વિધાનસભ્ય પ્રકાશ સુર્વે અને પ્રવક્તા શીતલ મ્હાત્રેનો વાંધાજનક વિડિયો વાઈરલ થવાના મામલામાં પોલીસે ગઈ કાલે યુવાસેનાના સાઈનાથ દુર્ગે, ફેસબુક પર માતોશ્રી પેજ હૅન્ડલ કરનારા વિનાયક ડાવરે તેમ જ રવીન્દ્ર ચૌધરી નામના આરોપીની ધરપકડ કરી હતી. સાઈનાથ દુર્ગે આદિત્ય ઠાકરેનો મિત્ર છે, જેની પોલીસે ઍરપોર્ટ પરથી ધરપકડ કરી હતી. પાંચમાંથી ચાર આરોપી ઉદ્ધવ ઠાકરે જૂથના અને એક કૉન્ગ્રેસનો કાર્યકર હોવાનું જાણવા મળ્યું હતું.

## પેટ્રોલિયમ પેદાશો પરની એકસાઈઝ-સેસથી કેન્દ્રને નવ માસમાં રૂા.૫.૪૫ લાખ કરોડની આવક

નવીદિલ્હી,

પેટ્રોલીયમ પેદાશો કેન્દ્ર અને રાજય સરકારો માટે એક ટંકશાળ પુરવાર થઈ રહી છે અને ૨૦૨૨/૨૩ના પ્રથમ નવ માસમાં કેન્દ્ર સરકારને પેટ્રોલીયમ પેદાશો પરથી રૂા.૫.૪૫ લાખ કરોડની આવક થઈ છે.

રાજયસભામાં કેન્દ્રના પેટ્રોલીયમ અને કુદરતી ગેસ બાબતોના રાજયમંત્રી રામેશ્વર તેલીએ એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે, પેટ્રોલિયમ પેદાશો પરની બેઝીક એકસાઈઝ ડયુટી, સ્પે. એડી. એકસાઈઝ, રોડ તથા માળખાકીય સેસ તથા કૃષિ સેસ સહિતના કેન્દ્રના ટેક્ષ મંત્રી રૂા.૫.૪૫ લાખ કરોડની આવક નવ માસમાં થઈ છે અને તે ગત નાણાકીય વર્ષના રૂા.૭.૨૨ લાખ કરોડથી માર્ચ ૨૦૨૩ સુધીમાં લક્ષ્યાંક કરતા વધુ આવક હશે તે નિશ્ચિત છે.

સરકારે દાવો કર્યો કે, યુક્રેન યુદ્ધ સહિતના પરિબળોના કારણે ક્રુડતેલના ભાવ વધ્યા હોવા છતાં પણ ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ નવ માસમાં પેટ્રોલીયમ પેદાશો પેટ્રોલ-ડિઝલના ભાવમાં કોઈ વધારો કર્યો નથી. જયારે ફુગાવાને ધ્યાનમાં લઈને પેટ્રોલ પરની એકસાઈઝ પ્રતિ લીટર રૂા.૮ અને ડિઝલ પરથી રૂા.૬ પ્રતિલીટર ઘટાડો કર્યો છે.

# મહિસાગર જીલ્લા ભાજપના કાર્યકરો અને લુણાવાડાના પૂર્વ ધારાસભ્ય દ્વારા ધો.૧૦ ની પરીક્ષા આપતાં વિદ્યાર્થીઓને ચોકલેટ આપી શુભેચ્છા પાઠવી



લુણાવાડા,
મહીસાગરમાં ૧૪ માર્ચથી ગુજરાત રાજ્ય શૈક્ષણિક બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં વહીવટી તંત્રએ દરેક છાત્રોને ડર વિના અને પરીક્ષાનો હાઉ વગર શાંત મને પરીક્ષા આપવા શુભેચ્છા પાઠવી છે. મહીસાગરમાં આ વખતે પેપર સ્ટ્રોંગરૂમ બાબતે વધુ સક્રિય બન્યા છે અને બારી પણ બંધ રહે તે માટે બોર્ડની માર્ગદર્શિકા મુજબ પરીક્ષાલક્ષી કામગીરી હાથ ધરાશે. મહીસાગર જીલ્લામાં આ વર્ષે ૩૩૮૮૧ વિદ્યાર્થી પરીક્ષા આપશે જેમાં ધોરણ ૧૦ ના ૨૦૨૬૮, વિદ્યાર્થી, જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૧૧૬૮૭ તેમજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧૯૨૬ વિદ્યાર્થી નોંધાયા છે. તા.૧૪ મીથી શરૂ થનાર પરીક્ષા માટે જીલ્લા શિક્ષણ તંત્ર અને જીલ્લા વહીવટી વિભાગ દ્વારા તૈયારી શરૂ કરી દેવામાં આવી છે અને ૫૫ પરીક્ષાના કેન્દ્રો માટે કુલ ૧૧૮ બિલ્ડીંગમાં ૧૨૦૪ બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે. પરીક્ષા યોગ્ય અને સુચારૂ રૂપે યોજાય તે માટે દરેક બ્લોક તેમજ શાળામાં એન્ટ્રી એક્ઝિટ ગેટ બહાર સીસીટીવી કેમેરા કાર્યરત રહે તેવી શાળા અને બ્લોકની પસંદગી કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત કલેકટર દ્વારા વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓ દ્વારા પરિણામ વધઘટ થયેલા કેન્દ્રો પર મોનીટરીંગ કરવાં આવશે. જેવી રીતે સરકારી પ્રતિનિધિઓ અલગઅલગ કામગીરીમાં જોડાશે. આ ઉપરાંત શાળા સંચાલકોની પણ શાળામાં પાણી, લાઈટ તેમજ જરૂરી સુવિધાઓ અંગેની તૈયારી અંગેની પણ સમિક્ષા બેઠક રાખવામાં આવી છે. જેમાં શાળાના શિક્ષકો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. પરીક્ષાના સ્થળથી ૧૦૦ મીટરના અંતરે ઝેરોક્ષ પર પ્રતિબંધ અને પરીક્ષાના સ્થળમાં બિનઅધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ લાગવાવમાં આવશે.

# બાલાસિનોર તાલુકાની એક પછી એક પ્રાથમિક શાળાના આચાર્ય વિવાદમાં : બાલાસિનોર તાલુકાની વેરાસા પ્રાથમિક શાળામાં તપાસનો ધમધમાટ શરૂ




**સમગ્ર ઘટના બાબતે શાળાના આચાર્યે કોઈ પણ જવાબ આપવાની ના પાડી દીધી હતી. સમગ્ર ઘટના બાબતે શાળાના આચાર્ય દીપકભાઈ પટેલને શાળામાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ રેગ્યુલર આવતા વિદ્યાર્થીઓ વિશે પૂછતાં તેઓએ કોઈપણ સવાલનો જવાબ આપવાની ના પાડી દીધી હતી.**

બાલાસીનોર,
બાલાસિનોર તાલુકાની વેરાસા પ્રાથમિક શાળામાં ૨૧૪ વિદ્યાર્થીઓની સંખ્યા છે અને ૮ શિક્ષકો ફરજ બજાવે છે. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ આદિવાસી છે. ત્યારે થોડાક દિવસો પહેલા વેરાસા પ્રાથમિક શાળામાં બારોબાર અનાજ વેચી માર્યુ હોવાનો વાલીઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ નાયબ મામલતદાર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. બાલાસિનોર તાલુકાનું એકમાત્ર વેરાસા ગામ છે. જેમાં આદિવાસી વસ્તી વધારે છે. જેમાં કમલા વિદ્યામંદિર વેરાસા રાજ્ય કક્ષાએ નામના મેળવેલ પ્રાથમિક શાળા છે અને આ શાળાના ભૂતકાળમાં એવોર્ડ પણ ઘણા મળ્યા છે. ત્યારે આ શાળાના આચાર્ય દ્વારા કોરોના કાળ દરમિયાન સરકાર તરફથી મળતા અનાજ આદિવાસી ગરીબ બાળકોને ના આપતા બજારમાં સગે વગે કરી વેચી નાખવાની અને બાળકોને અનાજ ન મળવાનો વાલીઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. અને તંત્ર દ્વારા તપાસ કરી આચાર્ય સામે યોગ્ય પગલાં ભરવામાં આવે તેવી વાલીઓએ માંગ કરી હતી. ત્યારે તંત્ર દ્વારા તપાસ કરી રિપોર્ટ જીલ્લા કક્ષાએ મોકલી આપવામાં આવ્યો છે.

# લીમખેડાના ઝાલોદ રોડ ઉપર ગેરકાયદેસર દબાણો દુર ન કરાતા અનેક પ્રશ્નો ઉભા થયા

લીમખેડા,
લીમખેડામાં સફાળા જાગેલા પોલીસ તંત્ર દ્વારા બજાર વિસ્તારમાં ટ્રાફિક માટે નડતરરૂપ માત્ર પથારાવાળા અને હાથલારીવાળાને દુર કરવાની કાર્યવાહી કરાતા સામાન્ય લોકોમાં અનેક સવાલો ઉભા થયા હતા.

લીમખેડા બજારમાં પોલીસ કાફલાઓ રોડ પર નડતરરૂપ માલસામાન ગોઠવનાર વેપારીઓ અને પથારાવાળા સામે કાર્યવાહી કરી હતી. જ્યારે નગરજનોના જણાવ્યા મુજબ ઝાલોદ રોડ પર આવેલુ ગરનાળુ રેલ્વે ગરનાળુ સાંકડુ હોવાથી તેના કારણે ટ્રાફિક જામ થતો હોય છે. કારણ કે રેલ્વે ગરનાળામાંથી માત્ર એક જ વાહન પસાર થઈ શકે છે. હાલમાં હોળીના તહેવારના પગલે ખરીદી માટે લીમખેડામાં ગ્રામ્ય વિસ્તારના લોકોની ભારે અવર જવરના કારણે ટ્રાફિક જામ થાય છે. આ ઉપરાંત નગરમાં ટ્રાફિકના નિયમોનુ ઉલ્લંઘન કરીને ગેરકાયદેસર મુસાફરોનુ વહન કરતા વાહનચાલકોના કારણે પણ ઝાલોદ રોડ અને જુના દાહોદ રોડ વિસ્તારમાં ટ્રાફિક જામ થતો હોય છે. જેથી ટ્રાફિકથી સતત ધમધમતા ઝાલોદ રોડ વિસ્તારમાં તેમજ રેલ્વે ગરનાળા પાસે ટ્રાફિક જવાનને ફરજ પર મુકવા માંગ ઉઠી છે.નગરમાં શાળા છુટવાના સમયે એક સાથે બાળકો આવતા હોય છે અને બીજી તરફ માર્ગ ઉપર મોટા વાહનો અને બીજા વાહનોની સતત અવર જવર ચાલુ જ હોય છે. ત્યારે માત્ર લારી અને પથારાવાળા સામે કાર્યવાહીના બદલે ગેરકાયદે મુસાફરો ભરી ફરતા વાહનો સામે પણ કાર્યવાહી કરવા માંગ ઉઠી છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ દ્વારા ચણા અને ઘઉં પાકમાં ખેડૂત દિવસની ઉજવણી : ૨૭૪ ખેડૂતોએ લીધો ભાગ




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા દાહોદ જીલ્લાના મુનાવાણી, મોટી હાંડી અને રણીયાર કણબી ગામે નિદર્શીત કરેલ ચણા અને ઘઉં પાકમાં ''ખેડૂત દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન) એ નિદર્શિત ચણાની ગુજરાત જુનાગઢ ચણા ૬ અને ઘઉંની ગુજરાત ઘઉં ૪૫૧ જાતની લાક્ષણીકતાઓ તેમજ આ જાતો અન્ય જાતોની સરખામણીએ ચડીયાતી છે તે વિશે ખેડૂતોને માહિતગાર કરાયા હતા. જ્યારે ડો. જી.કે. ભાભોર વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ આ સુધારેલ જાતોનું મહત્વ તેમજ વધુમાં વધુ સમસ્તરીય ફેલાવો કરવા ખેડૂતોને અપીલ કરેલ તેમજ જીલ્લા ખેતીવાડી વિભાગ, દાહોદથી અર્પિત ભૂરીયા (ખેતીવાડી અધિકારી)એ વિવિધ ખેતીવાડી અને બાગાયત યોજનાઓ અને અરજી સમયે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે ખેડૂતોને વિગતે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કુલ ૨૭૪ ખેડુત ભાઈઓ અને મહિલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન કુમારી ઊર્મિ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.

# લુણાવાડામાં રખડતા ઢોરોનો ત્રાસ : પિતા-પુત્રીને અડફેટે લીધા

લુણાવાડા,
રાજ્યમાં અનેક શહેરોમાં રખડતા ઢોરનો ત્રાસ દિવસેને દિવસે વધતો જોવા મળી રહ્યો છે. ત્યારે કેટલાક શહેરોમાં રખડતા ઢોરના હુમલાને કારણે કેટલાક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે ત્યારે લુણાવાડામાં રખડતા ઢોરે એક વૃદ્ધ અને યુવતિને અડફેટમાં લેતા હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે સદનસીબે સ્થાનિક રહિશો ત્યાં તાત્કાલિક દોડી આવતા ઢોરને ત્યાંથી ભગાડી દેતા વધુ ઈજામાંથી પિતા અને પુત્રી બચ્યા હતા.

શહેરના પરા બજાર વિસ્તારમાં આવેલ ગણપતિ મંદિરચોક પાસે રખડતા ઢોરનો આતંક સામે આવ્યો છે. જ્યાં ગણપતિ મંદિર બાજુ ચાલતી આવી રહેલા વૃદ્ધ પિતા-પુત્ર પર રખડતા ઢોરએ અચાનક હુમલો કર્યો હતો. જ્યાં ગજ્જર ટેલર સામેના રોડ પર ચાલતા આવી રહેલા બંને પિતા-પુત્રીને પાછળથી આવી રહેલ ઢોરે હુમલો કરતા તે બંને નીચે પડી ગયા હતા. જો કે તરત જ આસપાસના સ્થાનિક રહિશો દોડી આવતા ઢોરને ભગાડી દઈ બંનેનો જીવ બચાવી લીધો હતો પરંતુ તેઓને ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફતે લુણાવાડાની જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે,રખડતા ઢોરનો ત્રાસ સતત વધી રહ્યો છે. અને એકબાદ એક શહેરોમાંથી રખડતા ઢોરના આતંક સામે આવી રહ્યા છે ત્યારે મહિસાગરના લુણાવાડામાં પણ રખડતા ઢોરના હુમલાનો બનાવ સામે આવ્યો છે. જોકે સદનસીબે વૃદ્ધ દાદા અને તેમની દિકરીનો આબાદ બચાવ થયો હતો. પરંતુ રખડતા ઢોર પકડવામાં લુણાવાડા પાલિકા નિંદ્રાધિન સામે આવી છે.

# વિરપુરના ખાટા ગામના યુવાનનો મૃતદેહ કુવામાંથી મળતા ચકચાર

વિરપુર,
વિરપુર તાલુકાના ખાટા ગામના ૨૨ વર્ષના આશાસ્પદ યુવાનનો મૃત હાલતમાં કુવામાંથી મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વિરપુર તાલુકાના ખાટા ગામના યોગેશભાઈ પટેલનો પુત્ર હર્ષ પટેલ તા.૦૮/૦૩/૨૦૨૩ના રોજ અગમ્ય કારણોસર ગુમ થઈ ગયો હતો. જે બાબતની વિરપુર પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ પરીવાર દ્વારા નોંધાવી હતી. ત્યારે આ ઘટનાને લઈને પરીવાર ગામ સમાજ અને સગાસંબંધિઓએ હર્ષને શોધવા ખુબ શોધખોળ આદરી હતી પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. જ્યારે આ વાતને ત્રણ-ચાર દિવસનો સમય વિત્યા બાદ એ જ ખાંટા ગામના અંબાલાલ હરીભાઈ પટેલના કુવામાં હર્ષનો મૃતદેહ મળી આવતા ખાટા અને આજુબાજુના વિસ્તારમાં ખળભળાટ મચી લોકો શોકમગ્ન બની જવા પામ્યા છે.




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**મધ્યપ્રદેશના ધાર જીલ્લાનાં વિવિધ ગામના કુલ ૬૩ જેડલા ખેડૂતોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દાહોદની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ડો.જી.કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ કેવિકેના સંકલિત કૃષિ પદ્ધતિના વિવિધ યુનિટોનું પ્રત્યક્ષ નિદર્શન તેમજ પ્રાકૃતિક ખેતીના આયામો વિશે ખેડૂતોને માહિગાર કર્યા હતા.**

# દાહોદના ઉકરડી ગામે NSS એકમ અને આરોગ્ય કચેરીના ઉપક્રમે ફ્રી હેલ્થ મેડીકલ કેમ્પ યોજાયો



દાહોદ,
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ અને ગુર્જર ભારતી બી.એડ. કોલેજ, નગરાળાના એન.એસ.એસ. એકમ અને તાલુકા આરોગ્ય કચેરી, દાહોદના સંયુક્ત ઉપક્રમે ફ્રી હેલ્થ મેડીકલ ચેકપ કેમ્પ ઉકરડી ગામ ખાતે યોજાયો. તા.૧૪/૦૩/૨૦૨૩ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ અને ગુર્જર ભારતી બી.એડ. કોલેજ, નગરાળાના એન.એસ.એસ. એકમની વાર્ષિક શિબિર ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ખાતે ચાલી રહી છે. જેના ભાગરૂપે આજ રોજ તાલુકા આરોગ્ય કચેરી, દાહોદ પી.એચ.સી.ના સહયોગથી ફ્રી હેલ્થ મેડીકલ ચેકપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં તાલુકા આરોગ્ય કચેરી, દાહોદના ડો.નિલોફર શેઠ મેડિકલ ઓફિસર, ચોસાલા, ડો.ડિમ્પલ મોદી RBSK MO, ડો.પ્રદિપ વાળંદ RBSK MO અને આરોગ્ય શાખાની ટીમ ઉપસ્થિત રહી કેમ્પમાં લાભાર્થીઓનું નિદાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ અને ગુર્જર ભારતી બી.એડ. કોલેજ, નગરાળાના એન.એસ.એસ. એકમ દ્વારા કરવામાં આવ્યું હતું.



**અયોધ્યા થી ભારત ભ્રમણ માટે નીકળેલ સાયકલ યાત્રીઓ દિનકરદાસ અને જ્વાલાસિંહ ચૌહાણ દાહોદ પધારતા રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદ નાં સેક્રેટરી હીરાલાલ સોલંકી,સામાજિક આગેવાન હસમુખભાઈ પંચાલ, રોટરી સદસ્યો રતનસિંહ બામણિયા,જીગ્નેશ ચૌહાણ,પ્રદીપ રાઠોડે ભવ્ય સ્વાગત કર્યું હતુ. ભારત ભ્રમણ સાયકલ યાત્રીઓ નો નશા મુક્તિ માટે જાગરૂકતા,પર્યાવરણની જાળવણીના ઉદ્દેશ્ય સાથે ભારત ભ્રમણ કરી રહ્યા છે. આ અંગે શુભ ચિંતકો એ શુભકામનાઓ પાઠવી હતી. દાહોદ શહેર માં તેઓની રહેવા અને જમવાની સુંદર વ્યવસ્થા સંત કૃપા પરિવાર દ્વારા કરવામાં આવી હતી.**

# ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા અનુલક્ષી દે.બારીયા શહેરના ઝેરોક્ષ સેન્ટરોમાં બંધના પાટીયા લટકતા જોવા મળ્યા : ઓફિસ કાર્યોમાં બાધા




દે.બારીયા,
ગુજરાત માધ્યમિક તેમજ ઉચ્ચાર માધ્યમિક શિક્ષણ બોર્ડના દ્વારા ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના માટે પારદર્શીતા સાથે તથા નિર્ભય રીતે તટસ્થતા સાથે બોર્ડની પરીક્ષા આપી શકે તે માટે જીલ્લા અને તાલુકાનું વહિવટી તંત્રએ અનેક ઉપાયો સાથે સંવેદનશીલ સેન્ટરો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા સાથે એક્શનમાં છે.

ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓને અનુલક્ષીને દે.બારીયા શહેરના ઝેરોક્ષ સેન્ટરો બંધ કરાયા છે. તેથી ઝેરોક્ષ મશીન સેન્ટરો ઉપર ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા હોવાથી ઝેરોક્ષનું કાર્ય બંધ કરવાનો આદેશ અપાયો છે. તા.૧૩/૦૩/૨૦૨૩ સોમવારનો સાંજે પાંચ કલાકે પોલીસ સ્ટેશનમાં ઝેરોક્ષ સેન્ટરોના માલિકોની એક મીટીંગ રાખવામાં આવી હતી. ત્યારે જીલ્લાના વહિવટી તંત્રના આદેશ મુજબ મીટીંગમાં સુચના આપી છે. તેવું ઝેરોક્ષ સેન્ટરોના માલિકો જણાવી રહ્યા છે. આમ જનતા મુશ્કેલીમાં મુકાઈ છે. જેથી આદેશમાં ફેરફાર કરી ઝેરોક્ષ મશીનના સેન્ટરોને શિક્ષણલક્ષી તેમજ કોપી રાઈટના લગતા ઝેરોક્ષના કાર્યો કરવા પર પ્રતિબંધ મુક્વો જોઈતો હતો. જ્યાં સુધી બોર્ડની પરીક્ષા ચાલશે ત્યાં સુધી સેન્ટરો બંધ રહેતા આમ ગરીબલક્ષીના વિકાસના કાર્યોમાં વિલંબમાં પડશે જેથી વિકાસના કાર્યો જેવા આધારકાર્ડ, રેશનકાર્ડ, માં વાત્સલ્યકાર્ડ, બેન્કની પાસબુકનું ઝેરોક્ષ જેવા કાર્યો કરવા માટે જીલ્લાનું વહિવટી તંત્ર સોચ વિચાર કરશે ખરાં ?

# આપની આજ.......

મેષ : કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

વૃષભ : આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

મિથુન : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા આપતી વખતે થોડી અસુવિધા થઈ શકે છે.

કર્ક : અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે.

સિંહ : જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે.

કન્યા : તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે.

તુલા : લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

વૃશ્ચિક : વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે. જરૂરી કાર્યો પૂરા કરવા માટે અન્યનો સહકાર લેવામાં તમે સફળ થશો. ક્ષેત્રમાં તમારા પ્રોજેક્ટની વહેલી પૂર્ણતા તમારી અસરકારકતા અને તેજ વધારશે.

ધનુ : વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે. સાંજે કોઈ પણ જોખમી કાર્યથી દૂર રહેવું.

મકર : તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.

કુંભ : ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીન : ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે.

# સમલૈંગિક લગ્ન અંગે કેન્દ્ર સરકારના વલણને રાષ્ટ્રીય રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સમર્થન આપ્યું



પાનીપત,
પાનીપતમાં ચાલી રહેલી રાષ્ટ્રીય રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની અખિલ ભારતીય પ્રતિનિધિ સભામાં સમલૈંગિક લગ્ન અંગે કેન્દ્ર સરકારના વલણને સમર્થન આપ્યું છે. હોસબોલેએ કહ્યું કે લગ્ન ફક્ત અપોઝિટ લોકો વચ્ચે જ થઈ શકે છે.

૧૨ માર્ચથી શરૂ થયેલી સભાની ૩ દિવસીય બેઠકના છેલ્લા દિવસે મંગળવારે દત્તાત્રેય હોસબોલેએ પત્રકારો સાથે વાત કરી હતી. અખિલ ભારતીય પ્રતિનિધિ સભાએ આરએસએસની સૌથી મોટી અને સૌથી મહત્વપૂર્ણ એકમ છે, જેને સંઘની વિચારસરણી તરીકે પણ ઓળખવામાં આવે છે. સંઘ સંબંધિત તમામ મહત્વપૂર્ણ નિર્ણયો અને વ્યૂહરચના આમાં લેવામાં આવે છે. પાનીપતમાં યોજાયેલી આ બેઠકમાં ત્રણેય દિવસ ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા હાજર રહ્યા.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લંડનમાં આપેલા ભાષણ અંગે સરકાર્યવાહ હોસબોલેએ પણ પોતાનું વલણ રજૂ કર્યું હતું. તેમણે કહ્યું, 'આ અંગે ટિપ્પણી કરવાની જરૂર નથી, કારણ કે રાહુલ ગાંધીનો પોતાનો રાજકીય એજન્ડા છે. RSSનું સત્ય દરેક વ્યક્તિ જાણે છે. હજુ પણ દેશના મુખ્ય વિરોધ પક્ષના મોટા નેતા હોવાના કારણે રાહુલ ગાંધીએ વધુ જવાબદારીપૂર્વક બોલવું જોઈએ. સેમ સેક્સમાં લગ્ન સંબંધિત સવાલ પર હોસબોલેએ કહ્યું, 'ભારતીય સંસ્કૃતિમાં લગ્ન એક સંસ્કાર છે. તે બે વ્યક્તિઓના આનંદ માટેનો કરાર કે વસ્તુ નથી.'

હોસબોલેએ કહ્યું, 'હું પણ ઈમરજન્સી દરમિયાન જેલમાં ગયો હતો. મારા સિવાય દેશના અનેક લોકોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા. ઈન્દિરા, રાજીવ, સોનિયા બાદ હવે રાહુલ ગાંધી પણ સંઘ વિશે વિવાદાસ્પદ ટીપ્પણી કરી રહ્યા છે. તેઓ કહે છે કે લોકશાહી ખતરામાં છે. હવે ચૂંટણી નજીક છે. જો લોકશાહી ખતરામાં હોત તો અમે ભેગા ન થયા હોત. કોંગ્રેસ પાસે લોકશાહી વિશે બોલવાનો કોઈ નૈતિક આધાર નથી. આજ સુધી કોંગ્રેસે ઈમરજન્સી માટે પણ દેશની માફી માગી નથી.સરકાર્યવાહ દત્તાત્રેય હોસબોલેએ કહ્યું કે અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની આ ૩ દિવસીય બેઠકમાં ચૂંટણીને લઈને કોઈ ચર્ચા થઈ નથી. સંઘની બેઠકમાં રાજકીય મુદ્દાઓ પર પણ કોઈ ચર્ચા થઈ ન હતી. જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને હરિયાણાના સીએમ મનોહર લાલને બેઠકમાં બોલાવવામાં આવ્યા ત્યારે સંઘે કહ્યું કે આ પરંપરા છે.

વર્ષ ૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણી પહેલાં આરએસએસના ટોચના નેતૃત્વની આ અંતિમ બેઠક હતી. જેમાં સરસંઘચાલક ડો. મોહન ભાગવત, સરકાર્યવાહ દત્તાત્રેય હોસબોલે, પાંચેય સહ સરકાર્યવાહ, આરએસએસના અખિલ ભારતીય કાર્યકારી, પ્રાદેશિક અને પ્રાંતિય કાર્યકારી, સંઘના પ્રતિનિધિઓ, તમામ વિભાગના પ્રચારકો અને ૩૪ વિવિધ સંસ્થાઓના સ્વયંસેવકોએ સામેલ થયા.

એ યાદ રહે કે ૧. બેઠકના પ્રથમ દિવસે અખિલ ભારતીય સહ સરકાર્યવાહ ડો.મનમોહન વૈદ્યએ આ બેઠકમાં ત્રણ પ્રસ્તાવ લાવવાની વાત કરી હતી. તેમના મતે સામાજિક સમરસતા સંબંધિત પ્રથમ પ્રસ્તાવમાં ભારતના વિકાસ માટે નીતિ ઘડવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. જેમાં સમાજનો સહકાર અને સમાજના કામોની નીતિ બનાવવામાં આવી હતી.૨. બીજો પ્રસ્તાવ તમામ ધર્મોની સમાનતાનો હતો, જેમાં દરેકને જોડવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ભગવાન મહાવીરના પરિનિર્વાણનો જીવન સંદેશ અને સ્વામી દયાનંદ સરસ્વતીના જન્મ શતાબ્દી વર્ષ વિશે લોકોને જણાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.૩. ત્રીજો પ્રસ્તાવ આરએસએસ શાખામાં મહિલાઓના સમાવેશ સાથે સંબંધિત હતો. જો કે, બેઠકના છેલ્લા દિવસે હોસબોલેએ સ્પષ્ટતા કરી હતી કે મુસ્લિમ મહિલાઓના RSS અને શાખા સાથે જોડાયેલા હોવાના સમાચાર માત્ર મીડિયા રિપોર્ટ્સમાં વાંચ્યા. બેઠકમાં આ અંગે કોઈ ચર્ચા થઈ નથી. બેઠકના પહેલાં દિવસે સહસરકાર્યવાહ ડો.મનમોહન વૈદ્યએ દાવો કર્યો હતો કે વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ સુધીમાં સંઘની વેબસાઈટ પર ૭ લાખ ૨૫ હજાર લોકોએ આરએસએસમાં જોડાવા માટે રિક્વેસ્ટ કરી. એટલે કે દર વર્ષે ૧ લાખ ૨૦ હજાર લોકોએ સંઘમાં જોડાવા માટે રસ દાખવ્યો. તેમાંથી ૭૦ ટકા યુવાનો સમાજમાં યોગદાન આપવા માગે છે. ડો. મનમોહન વૈદ્યના અનુસાર દેશભરમાં ૪૨૬૧૩ સ્થળોએ શાખાઓની સ્થાપના કરવામાં આવી રહી છે, જ્યારે ૨૦૨૨માં ૩૭૯૦૩ સ્થળોએ શાખાઓની સ્થાપના કરવામાં આવી હતી. શાખાઓની કુલ સંખ્યા ૬૮૬૫૧ છે, જે ગત વર્ષની સરખામણીમાં ૧૫% વધી છે. સમગ્ર દેશમાં અઠવાડિયામાં એક વખત યોજાતા સાપ્તાહિક મિલનની સંખ્યા ૨૬૮૭૭ છે. સંઘ મંડળી મહિનામાં એકવાર યોજાય છે, તેમની સંખ્યા ૧૦૪૧૨ છે.

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
**પંચમહાલ સમાચાર**

### પાવાગઢ મંદિર ટ્રસ્ટ એ ૨૦ માર્ચથી


# માતાજીના મંદિરમાં છોલેલ શ્રીફળ લઈ જવા પર પ્રતિબંધ મુકયો

**- ભકતો આખું શ્રીફળ મંદિરમાં ધરાવી ઘરે લઈ જઈ શકશે.**
**- જે વેપારી છોલેલ શ્રીફળ વેચતા પકડાશે તેની પાસે દંડ વસુલવામાં આવશે.**
**- અંબાજી મંદિરમાં મોહનથાળના પ્રસાદનો વિવાદ શાંત થાયો ત્યારે પાવાગઢનો નવો વિવાદ.**

પાવાગઢ,

પંચમહાલ યાત્રાધામ પાવાગઢ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા આજરોજ છોલેલ શ્રીફળ મંદિરમાં લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. હજી અંબાજી મંદિરમાં મોહનથાળના પ્રસાદનો વિવાદ શાંત થાય તે પહેલા પાવાગઢ શકિતપીઠ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા છોલેલ શ્રીફળ લાવવા ઉપર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. તેનો ભકતોમાં ઘેરી લાગણી સર્જવા પામી છે.

પાવાગઢ યાત્રાધામ મંદિર ટ્રસ્ટ દ્વારા આજરોજ અગત્યની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૨૦ માર્ચ ૨૦૨૩ સોમવાર થી કોઈપણ વ્યકિત છોલેલું શ્રીફળ મંદિરમાં૦ લાવી શકશે નહિ. મંદિરમાં દર્શનાર્થી આવતાં દર્શનાર્થીઓ મંદિરમાં આખું શ્રીફળ પોતે જ માતાજીને ધરાવીને સાથે ઘરે લઈ જવા માટેનું સુચન કરવામાં આવ્યું છે. પાવાગઢ ખાતે જે વેપારીઓ પાસેથી છોલેલું શ્રીફળ મળશે તેવા વેપારીઓ સામે પવિત્ર સ્થાનમાં સ્વચ્છતા રાખવામાં સંબંધિત અધિકારી દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. મંદિર પરિસરમાં ભકતો છોલેલું શ્રીફળ લઈને ન આવે તે માટે શકિત દ્વાર ( દુધીયા તળવા) થી ચેકીંગ હાથ ધરવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા મંદિરમાં સ્વચ્છતા જાળવવા માટે નિર્ણય લેવામાં આવ્યો છે. મંદિર ટ્રસ્ટ દ્વારા વેપારીઓ સાથે ચર્ચા વિચારણા થી નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રસ્ટ દ્વારા છોલેલ શ્રીફળ લાવવા ઉપર પ્રતિબંધ નથી. ભકતોની આસ્થા સાથે ખીલવાડ નથી મંદિરમાં ઉપર શ્રીફળ લાવી છોલવામાં આવતાં અહીં ગંદકી થઈ રહી હોવાથી મંદિરમાં આખું શ્રીફળ લાવવા કહેવામાં આવ્યું છે. પહેલા પ્લાસ્ટીક કચરાંની ડ્રાઈવ કરતાં વેપારીઓના સહકાર થી પ્લાસ્ટીક ગંદકી ઓછી થઈ છે. મંદિર ખાતે શ્રીફળના છોતરા અને ટુકડા થી ગંદકી અને કચરો હટાવવામાં સમસ્યાને લઈ નિર્ણય લેવાયો છે. ભકતો શ્રીફળ લાવીને માતાજીને પોતે ધરાવી નીચે લઈ જઈ માંચી ખાતે મંદિર ઓફિસ આવી શકે છે. અથવા ઘરે લઈ જઈ પ્રસાદી કરે તેવી વ્યવસ્થા કરાઈ છે.



પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા લેવાયેલ નિર્ણય અયોગ્ય છે. હિન્દુ ધર્મમાં શ્રીફળ વધેરવાની એક માનતા છે. મહાકાળી માઁ લોકોના દુઃખ દુર કરે છે. લોકોને વસ્તાર, નોકરી અનેક રીતે માનેલા કામો પુરા કરે છે. જેથી ભકતો પોતાની માનતા મુજબ શ્રીફળ વધેરે છે. એમાં ખોટુ કાંઈ નથી. અહીં ટ્રસ્ટે નિર્ણય લીધો તે યોગ્ય નથી. શ્રીફળ જયાં વધેરાય ત્યાં જ વધેરાય નિર્ણય અયોગ્ય છે.
**દર્શનાર્થી ભકત....**

## ગોધરા કોઠી સ્ટીલ રહેમતનગર જવાના રસ્તા ઉપર વાનમાં લઈ જવાતો ગૌમાંસનો જથ્થો ઝડપ્યો

ગોધરા,

ગોધરા શહેરના કોઠી સ્ટીલ ત્રણ રસ્તા નજીક રહેમતનગર જવાના રસ્તે પોલીસ અને અગ્નિવીર કાર્યકર્તાઓએ મારૂતિ વાનમાં લઈ જવાતો ગૌમાંસનો જંગી જથ્થો ઝડપી પાડયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટાફ આજરોજ વહેલી પરોઢના સમયે પેટ્રોલીંગમાં નીકળ્યો હતો. ત્યારે ગોધરા શહેરના કોઠી સ્ટીલ ત્રણ પાસે એક મારૂતિવાનનો ચાલક શંકાસ્પદ ગતિવિધિથી પસાર થઈ રહ્યો હતો. જેના આધારે પોલીસે મારૂતિ વાનચાલકનો પીછો કર્યો હતો. જેને લઈને મારૂતિ વાનચાલકે કાર ઝડપથી હંકારી મૂકી હતી અને રહેમતનગર જવાના રસ્તે વાન મૂકીને ચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે કારચાલકનો પીછો કરવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ કારચાલક અંધારાનો લાભ લઈને નાસી છૂટયો હતો. બનાવને પગલે પ્રાણીન અગ્નિવીર ટીમના કાર્યકરો પણ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસ તથા અગ્નિવીર કાર્યકર્તાઓએ વાનમાં તપાસ કરતા કારની પાછળના ભાગે સીટને બદલે માંસનો જથ્થો મળી આવ્યો હતો. માંસના જથ્થા સાથે કતલ કરેલા ગૌવંશના માથા પણ મળી આવ્યા હતા. જેને લઈને પ્રાથમિક દષ્ટિએ માંસનો જથ્થો ગૌમાંસ હોવાનું જણાઇ આવ્યું હતું. પોલીસે વેટરનરી તબીબને જાણ કરી પુષ્ટિ કરતા ગૌમાંસ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે પકડાયેલા ગૌમાંસના જથ્થાનું વજન કરતા કુલ ૪૧૫ કિલોગ્રામ વજન થયું હતું. પોલીસે રૂ ૮૩ હજારની કિંમતનો ૪૧૫ કિલોગ્રામ ગૌમાંસનો જથ્થો અને ૧ લાખની કાર મળીને કુલ રૂ ૧.૮૩ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છેકે, હાલમાં ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે કસાઈઓ પર ભીંસ વધારી છે. વીતેલા બે દિવસ દરમ્યાન પોલીસે અગ્નિવીર ટીમની મદદથી બે સ્થળેથી જંગી ગૌમાંસનો જથ્થો ઝડપી પાડયો હતો. ત્યારે ગૌવંશની કતલ કરતા કસાઈઓમાં ફફડાટ ફેલાયો છે. હાલમાં કસાઈઓ અન્ય સ્થળે ગૌવંશની કતલ કરીને ગૌમાંસનો જથ્થો ગોધરા ખાતે પહોંચાડી રહ્યા છે. ત્યારે પોલીસ વધુ સતર્ક બનીને કસાઈઓ પર વોચ રાખી રહી છે.



## પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં શાંત માહોલમાં ધો.૧૦ અને ૧૨ પરીક્ષા શરૂ થઈ : પરીક્ષાર્થીઓને આવકારી મોં મીઠું કરાવ્યું

ગોધરા,

પંચમહાલ જિલ્લા સહિત ગોધરામાં શાંત માહોલમાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ગોધરાની એમ એન્ડ એમ મહેતા સ્કૂલ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ અને જિલ્લા શિક્ષણઅધિકારી જીગ્નેશ પટેલ તેમજ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો દ્વારા પરીક્ષાર્થીઓને આવકારીને મો મીઠું કરાવીને ગુલાબનું ફૂલ આપીને પરીક્ષાની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમગ્ર રાજયમાં આજથી ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થયો છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ શાંતિપૂર્ણ માહોલમાં ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. ગોધરા શહેર સહિત જિલ્લામાં આવેલા પરીક્ષા કેન્દ્રો પર વાલીઓ પોતાના બાળકોને મૂકવા ઉમટી પડ્યા હતા. ધોરણ-૧૦ ના પરીક્ષાર્થીઓ સૌપ્રથમવાર બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે. ત્યારે વાલીઓ બાળકોને હિંમત આપતા જોવા મળ્યા હતા. ગોધરા શહેરના જાફરાબાદ ખાતે આવેલી અનાજ મહાજન સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત ન્યુ ઈરા હાઈસ્કુલ ખાતે પંચમહાલ જિલ્લા પંચાયત પ્રમુખ તેમજ જિલ્લા શિક્ષણાધિકારી જીજ્ઞેશ પટેલ દ્વારા ધોરણ-૧૦ના પરીક્ષાર્થીઓને પ્રથમ દિવસે ફૂલ આપીને આવકારવામાં આવ્યા હતા અને પરીક્ષાર્થીઓને ભયમુકત વાતાવરણમાં પરીક્ષા આપવા માટે હાકલ કરી હતી. તમામ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓ સરળતાથી પોતાની બેઠક વ્યવસ્થા શોધી શકે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવીહતી. પંચમહાલ જિલ્લામાં આવેલા ૩૩ પરીક્ષા કેન્દ્ર ઉપર ધોરણ-૧૦ ના ૨૮,૨૫૪ પરીક્ષાર્થીઓ ભાષા વિષયની પરીક્ષા આપશે.



## કાલોલ કોર્ટ દ્વારા બીજા લગ્ન કરનારને ત્રણ વર્ષની સજા ફટકારી

કાલોલ,

કાલોલ તાલુકાના મોજે દેવપુરા ગામના રઈબેન રામસિંગભાઈ પરમારનાઓએ પોતાના પતિ અજીતસિંહ ઉદેસિંહ પરમારનાઓએ પોતે પરિણિત હોઈ ફરિયાદી સાથે છુટાછેડા ના થયા હોવા છતાં રંજનબેન બાપુજીભાઈ પરમારનાઓની સાથે બીજા લગ્ન કરેલ તેમાં અજીતસિંહ ઉદેસિંહ પરમારને માધવસિંહ સાલમસિંહનાઓએ લગ્ન કરાવવામાં મદદગારીની ફરિયાદ કાલોલ કોર્ટમાં દાખલ કરી હતી. ત્યારબાદ કોર્ટે કાલોલ પો.સ્ટે.ને હુકમ કરતા તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપીઓની વિરુદ્ધમાં ના.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસ કાલોલના એડિ.જયુડિ.મેજી.ફર્સ્ટ કલાસની કોર્ટમાં ચાલી જતા મદદનીશ સરકારી વકીલ આર.એન.રાઠવાની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી કાલોલ કોર્ટે આરોપી અજીતસિંહ ઉદેસિંહ પરમારનાઓને ઈપીકો કલમ ૪૯૪ મુજબના ગુનામાં તકસીવાન ઠેરવી ૩ વર્ષની સજા તથા ૧૦ હજાર રૂપિયાનો દંડ કરવાનો ચુકાદો આપ્યો હતો. આમ કાલોલ પંથકમાં લગ્ન જીવનને લાગતા ગુનાઓ રોકવા તથા સમાજમાં દાખલો બેસે તેવો ચુકાદો આપતા આવા પ્રકારના ગુનેગારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## ગોધરા તાલુકાની છાવડ મુખ્ય પ્રાથમિક શાળાના ૮૦ માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી



ગોધરા,

દેશના વડાપ્રધાન નરેદ્રભાઈ મોદીની નેમ સાથે દરેક શાળાના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે આજરોજ છાવડ મુખ્ય પ્રાથમિક શાળાના ૮૦માં સ્થાપના દિવસની ઉજવણી જીલ્લા પંચાયત પંચમહાલના દંડક અરવિંદસિંહ પરમારનાં હસ્તે કરવામાં આવી.

આ શુભ પ્રસંગે શાળાના બાળકો દ્વારા વિવિધ રંગારંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. શાળામાં અભ્યાસ કરીને નિવૃત થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું વિવિધ ક્ષેત્રોમાં નામના મેળવવા બદલ શાલ અને બુકે આપી પદાધિકારીઓ દ્વારા સનમાન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં એસ.એમ.સી.ના અદયક્ષ હિંમત સિંહજી અને અધિકારી ગણ, તાલુકા પંચાયત સભ્ય સાગરભાઈ આહીર ગ્રામ પંચાયતના સરપંચ જસુભાઈ ડેપ્યુટી સરપંચ બાબુભાઈ પંચાયતના સભ્યો, શાળાના આચાર્ય અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જીલ્લા પંચાયતના સ્થાનિક સભ્ય અને દંડક એ.બી.પરમારનું પણ શાલ, બુકેથી સન્માન કરવામાં આવ્યું અને તેઓ દ્વારા શાળાની ઉત્તરોતર પ્રગતિ થાય તે માટે શુભકામનાઓ પાઠવી.

## ગોધરા પાલિકા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટનું વીજ કનેકશન કપાઈ જતાં નગરજનોને પડતી મુશ્કેલીઓને લઈ પાલિકાને સુપરસીડ કરી સંચાલન પોતાના હસ્તક લેવા કલેકટરને લેખિત રજુઆત

ગોધરા,

ગોધરા નગર પાલિકા વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી સ્ટ્રીટ લાઈટ અને જાહેર રસ્તા પરના થાંભલા ઉપરથી લાઈટો બંધ કરી દેવામાં આવતાં શહેરના માર્ગો ઉપર અંધારપટ છવાયો છે. જેને લઈ ચોરીના કિસ્સાઓ વધતા નગરજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરની સ્ટ્રીટ લાઈટોના પ્રશ્ને પંચમહાલ કલેકટરને લેખિત રજુઆત કરાઈ છે.

ગોધરા નગર પાલિકા દ્વારા સ્ટ્રીટ લાઈટના વીજ બીલના નિકળતા લેણાની રકમ ભરપાઈ નહિ કરવામાં આવતાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સ્ટ્રીટ લાઈટનું વીજ કનેકશન કાપી નાખવામાં આવેલ છે. વીજ કંપની દ્વારા સ્ટ્રીટ લાઈટના બાકી નિકળતા લેણાની રકમ નહિ ભરતા નગરજનો પરેશાનીનો ભોગ બનવું પડ્યું છે. નગર પાલિકાના સત્તાધિશોની નિષ્ફળતાનું પરિણામ સામે આવ્યું છે. નગર પાલિકા સ્ટ્રીટ લાઈટ વીજ કનેકશન કાપી નાખવામાં આવતાં ૧૭ જેટલા વિસ્તારો ઈમરાન મસ્જીદ વિસ્તાર, કાળાભાઈ પેટ્રોલ પંપ વિસ્તાર, મહાવીન નગર, પાવર હાઉસ રોડ, જય યોગેશ્વર સોસાયટી, જય યોગેશ્વર રોડ, ભુરાવાવ સત્યમ નગર સોસાયટી, વલ્લભનગર, વૃંદાવન નગર, ભુરાવાવ કેબીન જૈન દેરાસર, લાલબાગ રોડ, સૈયદવાડા, જીઆઈડીસી વિસ્તાર છેલ્લા કેટલાય દિવસથી અંધારપટ છવાયો છે. શહેરના મુખ્યમાર્ગ અને સોસાયટી વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા અંધારપટને લઈને નાનીમોટી ચોરીના કિસ્સાઓ વધી રહ્યા છે. નગરજનો પાલિકામાં વિવિધ પ્રકારના વેરાઓ ભરતી હોય તેમ છતાં પાલિકાની નિષ્ફળતાનો ભોગ નગરજનો બની રહ્યા છે. આ બાબતે ગોધરાના જાગૃત નાગરિક દ્વારા પંચમહાલ કલેકટરને લેખિત રજુઆત કરી પાલિકાને સુપરસીડ કરી તેને તેનું સંચાલન કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.



## પંચમહાલ જિલ્લાના બાગાયતી ખેતી સાથે સંકળાયેલ ૧૫૦ ખેડૂતો માટે પ્રવાસનું આયોજન કરાયું




ગોધરા,

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટે મુહિમ ચલાવવામાં આવી રહી છે. ત્યારે પંચમહાલ જિલ્લાના નાયબ બાગાયત નિયામક નિલેષ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લાના બાગાયત વિકાસ માટે બાગાયતી ખેતી કરતા તથા બાગાયતી ખેતી કરવામાં રસ ધરાવતા ખેડૂતોને રાજ્ય બહારની જુદી જુદી સંસ્થાઓની મુલાકાત માટે મોકલવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લાના ૧૫૦ ખેડૂતો કુરૂક્ષેત્ર સ્થિત સંસ્થા સહિતના સ્થળોની મુલાકાત લઈને તાલીમ મેળવશે. સદર મુલાકાતથી ખેડૂતો ગાય આધારિત ખેતી કરતાં થાય તથા તેઓની જમીન સુધરે અને ખેતી ખર્ચ ઘટે તે મુખ્ય ઉદ્દેશ્યથી આયોજન કરવામાં આવેલું છે. આ ઉપરાંત પણ પંચમહાલ જિલ્લાના ખેડૂતો જુદા જુદા રાજ્યો અને યુનિવર્સિટી કેન્દ્રો ખાતે પણ મુલાકાત લેનાર છે તથા ત્યાંની નવીન ટેકનોલોજી શીખી અને જિલ્લામાં ખેતી કરતા થાય તે આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે. તેમ બાગાયત અધિકારી, ગોધરા પંચમહાલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પાવાગઢ શક્તિપીઠ ખાતે મંદિરના ધ્વજારોહણ બાદ માતાજીની પાદુકા તેમજ શ્રીયંત્રના પુજનનો પ્રારંભ કરાશે

હાલોલ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે મંદિરના ધ્વજારોહણ બાદ મંદિર ટ્રસ્ટ દ્વારા આગામી ચૈત્રી નવરાત્રિથી મંદિરમાં માતાજીની પાદુકા તેમજ શ્રીયંત્રના પુજનનો પણ પ્રારંભ થઈ રહ્યો છે.

ચૈત્રી નવરાત્રિનો તા.૨૨મીની પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે પાવાગઢ ખાતે મહાકાળી માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આ વર્ષે નવરાત્રિથી મંદિરમાં માતાજીની પાદુકા અને શ્રીયંત્રનુ પુજન ભકતો કરી શકે તે માટેની માર્ગદર્શિકા જાહેર કરાઈ છે જે મુજબ તા.૨૨મીએ પ્રથમ નોરતે મંદિર પરીસરમાં માતાજીની ગાદી સ્થળે જ આ પુજા મંદિરના પુજારી દ્વારા સંપુર્ણ વિધિ વિધાન સાથે કરાશે. જે માટે સંસ્થાના કાર્યાલયમાં દક્ષિણારૂપે રૂ.૧૧૦૦ ભરી પહોંચી લેવાની રહેશે.પુજામાં બે વ્યકિતઓને જ પ્રવેશ અપાશે. પુજામાં બેસનારે પિતાંબર પહેરવાનુ રહેશે. તેમજ મહિલાને ચુંદડી અપાશે. આ પુજાવિધિનો લાભ નવરાત્રિ બાદ પણ ચાલુ જ રહેશે.

## પંચમહાલ જીલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ/ગાજવીજ અનુસંધાને ખેડૂતોએ તકેદારી રાખવા બાબત

ગોધરા,

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને આગામી તા.૧૬/૦૩/૨૦૨૩ના રોજ પંચમહાલ જીલ્લામાં છુટાછવાયા સ્થળોએ હળવાથી મદયમ વરસાદ/ગાજવીજ સાથે વરસાદની આગાહી થયેલ છે. આવા સમયે ખેડૂતોને પાકના રક્ષણ માટે ઉચીત પગલાં લેવા જણાવવામાં આવે છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડૂતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું, જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો, ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા અને એ.પી.એમ.સી.મા વેપારી અને ખેડૂતમિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે. એ.પી.એમ.સી.મા અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા તથા એ.પી.એમ.સી.મા વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસ દરમ્યાન ટાળવી અથવા સુરક્ષિત રાખવા. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી(ખેતી)/મદદનીશ ખેતી નિયામક(તા.મુ.)/જીલ્લા ખેતીવાડી અધિકારી/નાયબ ખેતી નિયામક (તાલીમ) અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નં.૧૮૦૦૧૮૦૧૫૫૧ પર સંપર્ક કરવા જીલ્લા ખેતીવાડી અધિકારી ગોધરા પંચમહાલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## કાલોલના ઝાંખરીયા ગામે પરણિતાને ત્રાસ આપી કાઢી મુકતાં ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના ઝાંખરીયા ગામે રહેતી પરણિતાને પતિ અને સાસુ-સસરાંએ શારીરિક માનસીક ત્રાસ આપી મારમારી ઘર માંથી કાઢી મુકતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ઝાંખરીયા ગામે રહેતી કોમલબેનને તેમના પતિ અજેન્દ્રસિંહ રાઠોડ, સસરા ખુમાનસિંહ રાઠોડ, સાસુ અને જેઠ મળીને શારીરિક માનસીક ત્રાસ આપી પરણિતાને મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ઘર માંથી પહેરેલ કપડે કાઢી મૂકતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા રહેમતનગર મેશરી નદીના પટમાં જુગાર રમતા ત્રણ જુગારીયા ઝડપ્યા

ગોધરા,

ગોધરા રહેમતનગર મેશરી નદીના પટમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના રહેમતનગર મેશરી નદીના પટમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન યામીન અબ્દુલ રહિમ ઘંત્યા, મહેબુબ ઈશાક કલંદર, ઈમરાન શોકત પટેલને ઝડપી પાડી ૧૩૦૦ રૂપીયા જપ્ત કરવામાં આવ્યા. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.